# કૃષ્ણને પુરુષ કરતાં સ્ત્રી જ હંમેશા વધુ સમજી શકી છે : મોરારિબાપુ

રાજકોટ તા.૨૧

'કૃષ્ણને પુરુષ કરતાં સ્ત્રી હંમેશા વધુ સમજી શકી છે. કૃષ્ણને અર્જુન પણ ક્યાં એટલા સમજી શક્યા હતા ? ભિષ્મ પિતામહ પણ ક્યાં એટલા સમજી શક્યા હતા ? પરંતુ ગોપીઓ તેમને વધુ સમજી શકી હતી' તેમ જાણીતા રામાયણી પૂ.મોરારી બાપુએ એક ખાનગી પ્રકાશકના કાર્યક્રમમાં પ્રવચન કરતાં શ્રીકૃષ્ણ વિષે જણાવ્યું હતું.

## સર્જકે અર્થનો અનર્થ ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ

મોરારી બાપુએ જણાવ્યું કે અમારી રામાયણમાં કહ્યું છે કે તેજસ્વીને કદી નાનો ન સમજવો જોઈએ. અંકુશ દોઢ ફૂટનું જ હોય છે પરંતુ તેનાથી મદોન્મત હાથીને અંકુશ કરી શકાય છે. મંત્ર નાનકડો હોય પરંતુ તેને નાનો ગણવો નહીં. રાસ હોય કે હ્રાસ હોય, કૃષ્ણ હંમશા કેન્દ્રમાં જ હોય છે. રાસમાં તે કેન્દ્રમાં હોય અને ફરતે ગોપીઓ રાસ રમતી હોય. મહાભારતના યુધ્ધમાં અર્જુન કહે અને કૃષ્ણ યુધ્ધ મેદાનના કેન્દ્રમાં રથને દોરી જાય. દરેક વખતે કૃષ્ણ કેન્દ્રમાં રહેવા જ ટેવાયેલા છે. બાપુએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ભાષા સાથે સાંકળી લેતાં જણાવ્યું કે ધર્મ એટલે ગુજરાતી ભાષા છે. હિન્દી એ અર્થની ભાષા છે. અંગ્રેજી એ કામની ભાષા છે. માટે માતૃભાષા પ્રત્યે પ્રેમ રાખવો. મને અંગ્રેજી નથી આવડતું એટલે આલોચના નથી કરતો પરંતુ માતૃભાષાને આદર આપવું જોઈએ. પરંતુ આ બધાથી પર સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત એ મોક્ષની ભાષા છે.

સર્જકના લક્ષણો દર્શાવતા જણાવ્યું કે સર્જક શાસ્ત્રજ્ઞ, દેશજ્ઞ અને કાળજ્ઞ હોવો જોઈએ. બાપુએ સર્જકને સાવધાન રહેવા એમ જણાવ્યું કે સર્જકે અર્થનો અનર્થ ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ખલીલ જીબ્રાનનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે એક ધાર્મિકનગર વિષે સાંભળીને જીબ્રાન આ ગામમાં ગયા. ત્યાં જઈને જોયું તો દરેક વ્યકિતની એક આંખ અને એક હાથ કપાયેલો હતો. તેમણે કારણ પૂછયું તો જવાબ મળ્યો કે મંદિરમાં જાવ. મંદિરમાં જોયું તો કપાયેલી આંખ અને હાથનો ઢગલો પડયો હતો. આવું કરવાનું કારણ પૂછયું તો જવાબ મળ્યો કે અમે શાસ્ત્ર વચનમાં માનીએ છીએ, આગળ જાવ સમજાઈ જશે. વળી આગળ ગયા તો એક પથ્થરમાં શાસ્ત્ર વચન લખ્યું હતું કે તમારી એક આંખ અને એક હાથ કાપી નાખશો તો બાકીના અંગોની ઈશ્વર રક્ષા કરશે. જીબ્રાને પૂછયું કે તો બાળકો કેમ સાજા છે ? જવાબ મળ્યો કે તેમને શાસ્ત્ર વચન વાંચતા નથી આવડતું. આ સાંભળીને જીબ્રાન ભાગવા લાગ્યા. ગામલોકોએ ભાગી જવાનું કારણ પૂછયું તો જીબ્રાને જવાબ આપ્યો કે હું બાળક છું અને મને શાસ્ત્ર વચન વાંચતા આવડતું નથી. કહેવાનો મતલબ એ કે સર્જકે અર્થનો અનર્થ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. નહીંતર જીબ્રાનની જેમ ગામમાંથી ભાગવાનો સમય આવે.